# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરત

નવીનચંદ્ર મફતલાલ ઉદ્યાન રોડ, સ્વપ્ન સૃષ્ટી રેસી. પાસે, જીયાવ બુડિયા રોડ, ભેસ્તાન - 395023
Phone:(0261)2995466, 2996466 E-mail: dietsurat@gmail.com Website: dietsurat.org

જા. ક્રમાંક: ડાયેટ સુરત/ઇન્સ્પાયર એવોર્ડ/2026/ 11448-88 તારીખ : 27/07/2026

પ્રતિ,

ટી.પી.ઈ.ઓ.શ્રી તમામ જિ. સુરત
બીઆરસીસી/યુઆરસીસી તમામ, જિ. સુરત તથા સુરત કોર્પોરેશન
એસ.વી.એસ. કન્વીનર, તમામ જિ. સુરત તથા સુરત કોર્પોરેશન

વિષયઃ **INSPIRE Award scheme – MANAK 2026-27** અંતર્ગત **Online Nominations** અંગે શાળાઓને જાણ કરવા બાબંત.

જયભારત સાથ ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, INSPIRE Award scheme – MANAK સંદર્ભે વર્ષ - 2026-27 માટે E-Management of INSPIRE Award Scheme (E-MIAS)ની વેબપોર્ટલ www.inspireawards-dst.gov.in પર ઓનલાઇન નોમીનેશન તારીખ :15/07/2026 થી શરૂ થયેલ છે, જે તા. 15/09/2025 ના રોજ બંધ થનાર છે. આ સ્કીમ અન્વયે ધોરણ – 6 થી લઇ ધોરણ – 12 સુધીના વિદ્યાર્થીઓ પોતાના નાવિન્યસભર વિચારોને પ્રોજેક્ટ સ્વરૂપે સબમીટ કરી શકે છે. શાળા દીઠ વધુમાં વધુ પાંચ વિદ્યાર્થીઓના નોમિનેશન કરી શકાશે. આ યોજના અન્વયે સબમીટ થયેલ નાવિન્યસભર Ideas/ Innovations માંથી જે વિદ્યાર્થીના Original Ideas/ Innovations પસંદ થાય છે, તે વિદ્યાર્થીનાં ખાતામાં રૂ. 10000/- એવોર્ડની રકમ તરીકે જમા થાય છે, જેનો ઉપયોગ મોડેલ તૈયાર કરવા અને જિલ્લાના પ્રદર્શનમાં ભાગ લેવા સંદર્ભે ખર્ચ માટે કરવાનો હોય છે.

**આ યોજનાનો લાભ વધુને વધુ બાળકોને મળે તથા બાળકના નાવિન્યસભર વિચારને યોગ્ય પ્લેટફોર્મ મળે તેવો સરકારશ્રીનો હેતુ હોઈને સમયમર્યાદામાં મહત્તમ નોમીનેશન કરવા સંદર્ભે આપના તાલુકા/ઝોન/સંકુલનીતમામ સરકારી/ગ્રાન્ટેડ/ખાનગી પ્રાથમિક/માધ્યમિક શાળાઓ સુધી ઉપરોક્ત માહિતી પહોંચાડવા જણાવવામાં આવે છે. આપની કક્ષાએથી તમામ શાળાના આચાર્યશ્રીઓને આ પત્ર પહોંચાડી વધુમાં વધુ નોમિનેશન માટે પ્રોત્સાહન આપશો.**

શાળાઓને રજીસ્ટ્રેશન અને ઓનલાઈન નોમીનેશનની પ્રક્રિયા અંગે કોઈ મુશ્કેલી જણાય તો ડાયેટ – સુરત નો સંપર્ક કરી માહિતી અને માર્ગદર્શન મેળવી શકે છે. તેમજ INSPIRE Award Scheme (E-MIAS)ની વેબપોર્ટલ www.inspireawards-dst.gov.in પરથી પણ વધુ માહિતી મેળવી શકે છે. નોમીનેશન માટે INSPIRE MANAK App મોબાઈલ એપ્લીકેશન ગુગલ પ્લે સ્ટોરમાંથી ડાઉનલોડ કરીને ઉપયોગ કરી શકાશે. પત્ર સાથે ઇ-મેઇલમાં E-MIAS portal અને મોબાઈલ એપ્લિકેશનની લીંક પણ આપેલ છે, જેથી શાળાના શિક્ષક/વિદ્યાર્થીને રજીસ્ટ્રેશન અને ઓનલાઈન નોમીનેશન કરવામાં સરળતા રહે.

સંપર્ક : દિપાલીબેન વડગામા મો. ૯૪૨૮૮૪૨૪૭૦ ( જિલ્લા નોડલ અધિકારી, ડાયેટ- સુરત )

પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
સુરત

નકલ રવાના સવિનય જાણ તથા યોગ્ય અમલ કરાવવા સારું:

પ્રતિ, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત
પ્રતિ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, સુરત
પ્રતિ, શાસનાધિકારીશ્રી, સુરત